ક્રમાંકઃ જીઆઇડીસી/પોલિસી/જમન/૩૨
ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ,
જીઆઇડીસી, વડી કચેરી, ગાંધીનગર.
તારીખઃ- ૨૩ /૧૨/૨૦૨૫

## // પરીપત્ર //

**વિષય :** નિગમની હયાત વસાહત અને નવી વસાહતના સૂચિત વિકાસ નકશામાં વચ્ચે આવતી પોકેટ લેન્ડ તેમજ વસાહતના એપ્રોચ રસ્તા માટે ખાનગી જમીન તથા સરકારી જમીન મેળવવા બાબત.

નિગમના ઠરાવ ક્રમાંક: ૧૫૨/જમીન/૯૭ મુજબ નિગમની વસાહતમાં વચ્ચે આવતી અગાઉ સંપાદન વખતે રહી ગયેલી ખાનગી જમીનો સંપાદન કરવાની /સરકારી જમીનો તબદીલીથી મેળવવાની ૧૦ હેક્ટર સુધીના ક્ષેત્રફળ માટેના અધિકારો નિગમના ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રીને સોંપવામાં આવેલ છે.

હાલમાં નિગમ દ્વારા ઔદ્યોગિક વસાહત સ્થાપવા હેતુ સરકારી જમીન મેળવવાને પ્રાધાન્ય આપવામાં આવે છે. ઘણી વખતે આવી સૂચિત સરકારી જગ્યાને મુખ્ય રસ્તાથી જોડવા વચ્ચે આવતી ખાનગી જમીન તેમજ નિગમની હયાત વસાહત અને નવી વસાહતના સૂચિત વિકાસ નકશામાં વચ્ચે આવતા ખાનગી સર્વે નંબરો સંપાદન કરવાની જરૂરીયાત ઊભી થાય છે. ખાનગી જમીન સંપાદન કરવાની પ્રક્રિયા ઝડપથી પૂર્ણ કરી વસાહતના પ્લોટોનું વિતરણ સત્વરે કરી શકાય તે હેતુથી નિગમની હયાત વસાહત અને નવી વસાહતના સૂચિત વિકાસ નકશામાં વચ્ચે આવતી પોકેટ લેન્ડ તેમજ વસાહતના એપ્રોચ રસ્તા માટે ખાનગી જમીન ૧૦ હેક્ટર સુધીની મર્યાદામાં જમીન સંપાદન કાયદા મુજબ સંપાદન કરવા તથા સરકારી જમીન તબદીલીથી મેળવવાની સત્તા માન. ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રીને સુપ્રત કરવા નિગમની પ૨૩ની સભામાં કાર્યસુચિ ક્રમાંક:૧૩/જમીન/૫૨૩ રજૂ કરવામાં આવેલ.

નિગમની ૫૨૩મી બેઠકના કાર્યસૂચિ ક્રમાંક ૧૩/જમીન/૫૨૩ તથા ઠરાવ ક્રમાંક ૯૭/જમીન/૫૨૩, તા. ૨૦.૧૧.૨૦૨૫ દ્વારા મળેલ મંજૂરી મુજબ, નીચે મુજબના કિસ્સાઓમાં **૧૦ હેક્ટર** સુધીની મર્યાદામાં **ખાનગી જમીન સંપાદન કરવા અને સરકારી જમીન તબદીલીથી મેળવવા** અંગે ની સત્તા નિગમના **ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રીને** સોંપવામાં આવેલ છે.

- નિગમની હયાત વસાહત વચ્ચે પોકેટ સ્વરૂપે આવતી,
- નવી વસાહતના સૂચિત વિકાસ નકશામાં વચ્ચે આવતી પોકેટ લેન્ડ,
- વસાહતના એપ્રોચ રસ્તા માટે,
- વસાહતના આકારને નિયમિત કરવા જરૂરી હોય તેવી જમીન

નિગમના તમામ સંબંધિત અધિકારીઓ/કર્મચારીઓએ આ પરિપત્ર મુજબની સત્તાસોંપણી ધ્યાને રાખી દરખાસ્ત કરવી.

s/d

ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક
જી.આઇ.ડી.સી, ગાંધીનગર

પ્રતિ,

નિગમના તમામ અધિકારીશ્રી,.......... તરફ જાણ તેમજ કાર્યવાહી સારું.

નકલ રવાના:

- જનરલ મેનેજર ગ્રેડ-૧ ( એસ એન્ડ એ), જીઆઇડીસી, ગાંધીનગર..તરફ નિગમની વેબ સાઇટ પર મુકવા સારું

રવાના કર્યું

જનરલ મેનેજર ગ્રેડ-૧ ( મહેકમ)